| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૦૩**<br>**પ્રશ્નની વિગત: અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અમુલ ભટ્ટ (મણીનગર)** |
| **પૂરક પ્રશ્ન (૧) : જયશંકર સુંદરી નાટ્યગૃહ, અમદાવાદના રીનોવેશન માટે રાજય સરકારે કેવા પ્રયત્ન કરેલ છે?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>**આ નાટ્યગૃહના રીનોવેશન માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારના રમતગમત વિભાગના ખાતાની કચેરી દ્વારા અગ્રિમ ધોરણે પ્રસ્થાપિત થતા રમત સંકુલોને બનાવવા માટે ખાસ પી.આઇ.યુ. (પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ) સેલને કાર્યાંવિત કરવામાં આવેલ છે. આ પી.આઈ.યુ. સેલમાં રાજયના અગ્રણી અને ખ્યાતિ ધરાવતા આર્કીટિકટ અને ઈજનેરો જોડાયેલ છે. તેમના દ્વારા આ નાટ્યગૃહના રીનોવેશન પૈકી** |

સિવિલ કામ, વિદ્યુત કામ, અને અન્ય ફર્નિચર તેમજ ફર્નિશીંગના વિવિધ કામો માટે અંદાજો મેળવવાની પ્રક્રિયા ચાલુ છે, તેમજ દેશ–વિદેશના કલાકારો આ નાટ્યગૃહ સાથે જોડાય તે હેતુસર સમયની સાથે અદ્યતન સ્થિતિના અને માળખાકીય સુવિધાઓ વધારવાના રાજય સરકારના પ્રયત્નના ભાગરૂપે આ કામોના અંદાજોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. રાજય સરકારે માળખાગત સુવિધાઓને ધ્યાને લેતાં રૂા. ૧૦૦/– લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

રીનોવેશનના આ સમયગાળા દરમિયાન રાજય સરકાર દ્વારા અન્ય વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે આ નાટ્યગૃહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવા અંગે સમજૂતિકરાર (MoU) કરવા નિર્ણય પણ કરેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૦૩**<br>**પ્રશ્નની વિગત: અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અમીત શાહ (એલીસબ્રીજ)** |
| **પૂરક પ્રશ્ન (૨) જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, અમદાવાદના રીનોવેશન/મરામતથી કેવી-કેવી સુવિધાઓ ફરીથી ઉપલબ્ધ થશે અને કેવા પ્રકારના કાર્યક્રમો માટે ઉપયોગી થશે?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>➢ **જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, અમદાવાદના રીનોવેશન/મરામતથી ૧ મીની થીયેટર, બે વધારાના મીની થીયેટરમાં એર કન્ડીશનની સુવિધા સાથે કલાકારોને પ્રેક્ટિસ માટે** |

ઉપલબ્ધ થશે. તેમજ નાના સ્વરૂપના કાર્યક્રમો માટે પણ ઉપલબ્ધ થશે. તેમજ બહાર ગામથી આવતા કલાકારોને રહેવા માટે ૬ રૂમ, અને ૨ ડોરમેટ્રી સાથે કુલ ૮ રૂમોની નિવાસની વ્યવસ્થા ફરીથી ઉપલબ્ધ થશે.

- ઉપર્યુક્ત રીનોવેશન/મરામત બાદ સમગ્ર ગુજરાત અને સમગ્ર ભારતના કલાકારોને થીયેટર ફેસ્ટિવલના કાર્યક્રમો કરવા તથા સંગીત નાટક અકાદમી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવતા નાટક તથા વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી તથા અન્ય નાના મોટા સંગીત, નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઉપયોગી થશે તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સમજૂતિકરાર થયેથી અમુક શરતોને આધીન અન્ય કાર્યક્રમ થઈ શકશે. રાયખડ ખાતે આવેલ આ નાટ્યગૃહના રીનોવેશન બાદ અમદાવાદ પૂર્વ વિસ્તારના લોકો આ નાટ્યગૃહનો લાભ સુલભ રીતે લઈ શકશે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૦૩**<br>**પ્રશ્નની વિગત: અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી કૌશિકભાઈ સુખલાલભાઈ જૈન (દરીયાપુર)** |
| **પૂરક પ્રશ્ન (૩) જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, અમદાવાદના રીનોવેશન/મરામત માટે કોના દ્વારા અને કેટલો અંદાજ આપવામાં આવેલ છે?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br><br>**જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, અમદાવાદના રીનોવેશન/મરામત માટે પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટ યુનિટ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા અંદાજિત રૂ.૧૬.૦૦ કરોડનો અંદાજ આપવામાં આવેલ છે.** |